# ડીસામાં ભાજપ સદસ્યોનો પાલિકા કામગીરી સામે વિરોધ

ડીસા, તા. ૨૩

ડીસા નગરપાલિકામાં હાલ કોંગ્રેસ અને અપક્ષ યુતિના ગઠબંધનની સરકાર સત્તામાં છે ત્યારે ૭ નવેમ્બર ૨૦૧૫માં બીજી ટર્મ પુરી થઈ રહી છે. અને પાલિકાની ચૂંટણી આવી રહી છે તેવા જ સમયે ભાજપે હાલ સત્તાધારી કોંગ્રેસ નવીન રસ્તાના કામોમાં ગોકળગાય ગતિએ કામ ચાલતા લોકોને અગવડ પડે અને ધૂળ ઉડતા પ્રદૂષણ ફેલાય છે. તે વિરોધ નોંધાવતા રાજકારણ ગરમાયું છે. બનાસકાંઠાના ડીસામાં પાંચ વર્ષ અગાઉ ૧૬ અપક્ષ, ૪ કોંગ્રેસ અને ૧૬ ભાજપ સદસ્યો ચૂંટાયા હતા. જોકે સત્તા સ્થાન માટે માત્ર ૩ સદસ્યો પોતાના ટેકામાં ન લાવી શકેલ ભાજપે સત્તાથી દૂર રહેવું પડ્યું હતું અને કોંગ્રેસના વિપુલ શાહે ૪ કોંગ્રેસી અને ૧૬ અપક્ષોના સહારે સત્તા મેળવી હતી. જેમાં પ્રથમ અઢી વર્ષ બાદની બીજી ટર્મમાં ભાજપે સત્તા મેળવી તો હતી જોકે તે વધુ ટકી શકી નહોતી અને ભાજપના જ સાત સભ્યોએ શહેરના



વિકાસના નામે કોંગ્રેસ સાથે હાથ મિલાવતા પુનઃ કોંગ્રેસના કેલાસબેન શાહ પ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા હતા. જો કે અહીં ભાજપ અને કોંગ્રેસના રાજકીય વિરોધ વચ્ચે આજે ભાજપના સદસ્ય નીલેશભાઈ ઠક્કરે અને અન્ય કાર્યકરોએ વોર્ડ નવેમ્બર ૪માં રસ્તાના કામોમાં ગોખળ ગાય ગતિએ કામ ચાલતા લોકોને અગવડ પડે અને ધૂળ ઉડતા પ્રદૂષણ ફેલાય છે. જે અન્યાયી હોઈ પોતાનો રોષ ઠાલવ્યો હતો અને એક રેલી પણ કાઢી હતી. આ રેલીમાં જોડાયેલા અન્ય સ્થાનિકોએ કોંગ્રેસ શાષિત પાલિકાનો વિરોધ કરતા સુત્રો પોકારી બેનરો બતાવી પોતાની પીડા રજુ કરી હતી.

જ્યારે સામા પક્ષે સત્તાધારી કોંગ્રેસના પાલિકા પ્રમુખ કેલાશબેન શાહે ભાજપના આ વિરોધને રાજકીય અને વાહિયાત વિરોધ ગણાવ્યો હતો તેમને ભાજપના આ વિરોધની મજાક ઉડાવતા જણાવ્યું હતું કે 'જો નવીન રસ્તામાં ધૂળ ન ઉડે તેવા ભાજપ પાસે ઈજનેર કે આઈડિયા હોય તો અમને આપે અમે ચોક્કસ તે સ્વીકારીશું તો વળી તેમને એ પણ જણાવ્યું હતું કે અમે નાગરિકોને ઓછી તકલીફ પડે તેની પુરતી કાળજી રાખીએ છીએ.

જ્યારે આ બાબતને પૂર્વ પાલિકા પ્રમુખ અને કોંગ્રેસ સદસ્ય વિપુલભાઈ શાહે ભાજપના કોઈ રાજકીય નેતાના ઈશારે કરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પાલિકામાં આજે ૫૦ લાખના ખર્ચે નવીન આધુનિક પ્રમુખ-ઉપપ્રમુખની કચેરીનું લોકાર્પણ કરાયું છે. શહેરમાં એનેકો વિકાસના કાર્યો થાય છે. સમગ્ર શહેરના તમામ મુખ્ય રાજમાર્ગો કરોડના ખર્ચે આકાર પામી રહ્યા છે ત્યારે ભાજપ આગામી ચૂંટણીમાં અમારી ટીમના આ વિકાસ કાર્યો લોકમાનસમાં ઘર કરી જશે તે ભયથી આ રાજકીય વિરોધ નોંધાવી રહ્યું છે તેવું જણાવ્યું હતું.



બનાસકાંઠાના ડીસામાં સતત ત્રીજા વર્ષે શ્રી રામસેવા સમિતિ દ્વારા હવાઈ પીલ્લર મેદાનમાં વિશાળ કદના રાવણ, ઈન્દ્રજીત અને કુંભકર્ણના પુતળાનું દહન કરાયું હતું. આ કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો સાથે સમગ્ર ડીસા જોડાયું હતું. જેમાં હજારોની માનવ મેદની વચ્ચે રખાયેલા રાવણ દહનના ધાર્મિક કાર્યક્રમમાં 'રામકથા'ના કલાકારો રામાયણની સમાપ્તિ બાદ રાવણ દહનના જીવંત દશ્યોમાં મોટા કદનાં રાવણ, મેઘનાથ અને કુંભકર્ણના પુતળાનું દહન કરતા લોકો અસત્ય સામે સત્યના વિજય મનાવતા અને રામનો જયજયકાર કરતા ભાવવિભોર બન્યા હતા. હિન્દુ સંસ્કૃતિના જતન કાજે તમામ લોકોએ રામના આદર્શોને પોતાના જીવનમાં ઉતારવા જોઈએ તેવી અપીલ શ્રી રામસેવા સમિતિના ડૉ. જીતેન્દ્ર નાગરે કરી હતી. લંકાધિપતિ રાવણની વૃત્તિ આસુરી હતી. રામે રાવણનો વધ કરી તેના અભિમાનના સુખ સાહ્યબીના ચુરેચુરા કરી નાખ્યા હતા. રાવણ ભલે વિદ્વાન તથા બાહોશ હતો. પરંતુ તે તેની રાક્ષસી વૃત્તિ છોડી શકતો ન હતો. અંતે તેનું કરૂણ મોત રામના હાથે થયું. વિજયાદશમીનો દિવસ એ રાવણની દમન નીતિની સમાપ્તિને દિવસ હોઈ ડીસામાં દશેરાના દિવસે રાવણ દહન રખાયું હતું. જેને ડીસા વાસીઓએ રામની જીત તરીકે મનાવી રામના સતકાર્યોને યાદ કર્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં અંદાજીત ૫૦ હજારની માનવ મેદની જોડાઈ હતી.



## નવનિર્મિત પોશીના પ્રાથમિક શાળાનું લોકાર્પણ

સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના વરદહસ્તે મહંત શંભુનાથ બાપુના સાનિધ્યમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના પોશીના ગામે રૂ. ૧૨ લાખના ખર્ચે નિર્માણ થયેલ નવિન પ્રાથમિક શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ આજના સમયની માંગ છે. ત્યારે માત્ર નોકરી મેળવવા માટે શિક્ષણ મેળવવું એટલા પુરતુ નથી, પરંતુ આજના સમયમાં શિક્ષણની તાતી જરૂરિયાત છે. આજના સમયમાં છેવાડાના અંતરિયાળ વિસ્તારના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય અને ઘેર બેઠા શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

# હિંમતનગરમાં ટાયરના શૉ રૂમને નુકસાન પહોંચાડવા બદલ બે વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના મોતીપુરામાં આવેલ ટાયર કંપનીના શૉ રૂમ પર અઠવાડિયા અગાઉ છુટા પથ્થરો મારી શૉ રૂમના કાચ ચોડી અંદાજે રૂ. ૫૦ હજારનું નુકશાન પહોંચાડવાની ઘટના સંદર્ભે સીસીટીવી કુટેજના આધારે મહાવીરનગરના શખ્સ સહિત બે જણા વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો છે. પોલીસે ફૂટેજના આધારે શૉ રૂમના કાચ તોડી નુકશાન કરનારા શખ્સોની ભાળ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ઘટના અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસસ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર નવા ખાતે રહેતા જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલનો હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આનંદ ટાયર કંપની નામે શૉ રૂમ આવેલો છે. ગત અઠવાડિયે ૧૪ ઓક્ટોમ્બરે વહેલી પરોઢના ટાયર કંપનીના પ્રથમ માળના આગળના ભાગે લગાડેલા શૉ રૂમના કાચ પર કોઈ શકમંદ શખ્સોએ છુટા પથ્થરો મારી ત્રણ મોટા કાચ તોડી નાખ્યા હતા. જેના કારણે અંદાજે રૂ. ૫૦ હજારનું નુકશાન શૉ રૂમના માલિકને થવા પામ્યું હતું.

બનેલી ઘટના અંગેનું સંપૂર્ણ રેકોર્ડીંગ ટાયર કંપનીના શૉ રૂમમાં લગાવેલા સીસી ટીવી કેમેરામાં થઈ ગયું હતું. જેમાં બે શખ્સોએ આ ઘટનાને અંજામ આપ્યાના દશ્યો કેમેરામાં કેદ થઈ જતા શૉ રૂમના સંચાલકે તે અંગેની એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.વી. ડોડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે સીસી ટીવી ફૂટેજની તપાસ હાથ ધર્યા બાદ શહેરના શકમંદ શખ્સની ઓળખ થતા ઘટના અંગે મંગળવારે ગુનો દર્જ કરાયો હતો.

શૉ રૂમના સંચાલક જીતેન્દ્રભાઈ પટેલની ફરિયાદ આધારે એ-ડીવીઝન પોલીસે મહાવીરનગરની એસ.કે. બેંક સોસાયટીમાં રહેતા શકમંદ શખ્સ રૂજુલભાઈ વિનોદચંદ્ર શાહ તેમજ અન્ય એક અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.



## ખેડબ્રહ્માની ગ્રેવિટિ ધ સ્કૂલ ઓફ સાયન્સમાં ગરબા સ્પર્ધા યોજાઈ

ખેડબ્રહ્મામાં સ્થિત ગ્રેવિટિ ધ સ્કૂલ ઓફ સાયન્સમાં શાળાના બાળકો નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હુતં. જેમાં ધો. ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગરબા સ્પર્ધામાં ખેલૈયાઓ સંગીતના તાલે પરંપરાગત વસ્ત્ર પરીધાનમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં નિષ્ણાંત નિર્ણાયકોએ વિજેતાઓને વિજેતા જાહેર કર્યા હતા. ગરબા સ્પર્ધામાં વિદ્યાર્થીમાં યશકુમાર અને વિદ્યાર્થીનીઓમાં માનસી પટેલ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો. સ્પર્ધામાં ટ્રસ્ટી દિનેશ પટેલ, ગોપાલભાઈ પટેલ, શાળાના આચાર્ય દેવડાભાઈ, અંબુભાઈ પટેલ, હરિહર પાઠક વગેરે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.



પ્રાંતિજ ભાંખરીયા વિસ્તારમાં આવેલ પૌરાણિક રાંદલ મંદિર ખાતે સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવિકોએ સમુહમાં આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. સમુહ આરતી ટાણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# પ્રાંતિજ અંબાજી ચોકમાં શબપેટીનું લોકાર્પણ કરાયું

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ નવરાત્રી ચોકમાં જાયન્ટસ ગ્રુપ પ્રાંતિજ ગોલ્ડ દ્વારા લોકફાળો એકત્રીત કરી બનાવાયેલ સબપેટીનું લોકાર્પણ યોજાયો હતો.

જાયન્ટસ ગૃપ પ્રાંતિજ દ્વારા લોક ફાળાથી બનાવાયેલ સબપેટીનું લોકાર્પણ બનાવાયેલ શબપેટીનું લોકાર્પણ કાર્યક્રમ અંબાજી મંદિર અંબાજી ચોકમાં માની આરતી બાદ યોજાયો હતો. જેમાં મહાનુભાવો દ્વારા શબપેટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.




પ્રાંતિજ તથા તાલુકામાં આકસ્મિક કે અકસ્માતમાં મૃત્યુ પામેલ અને તે વ્યક્તિને કોઈ કારણોસર મૃત્યુ બાદ તેની બોડી એકથી ત્રણ દિવસ માટે રાખવા માટે કોઈ અન્ય વ્યવસ્થા ના હોય તેથી તકલીફ પડતી હતી. જેથી દૂરના વ્યક્તિને મુક્તના અંતિમ દર્શન કે કોઈ કારણોસર રાખવા માટે પ્રાંતિજ ખાતે કોઈ વ્યવસ્થા ના હોઈ અને સગાસંબંધીઓને વધુ તકલીફ પડતા જાયન્ટસ ગ્રુપ ગોલ્ડ દ્વારા લોકફાળો એકઠો કરી શબપેટી બનાવવામાં આવી હતી. તેનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જાયન્ટ્સ પ્રમુખ ડૉ. એન.કે. ડેરીયા, સતીષભાઈ પંડ્યા, સમીર શર્મા, વજેશભાઈ, વગેરે જાયન્ટ સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આ શબપેટી પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં રાખવામાં આવી હતી.

# ભિલોડામાં આઠમની મધ્યરાત્રીએ માતાજીનો સમૂહ મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત આઠમની મધ્યરાત્રીએ માતાજીનો ભવ્ય દેખાવ, સમુહ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડામાં વર્ષોની પરંપરા અનુસાર શ્રી લક્ષ્મીનારાયણ મંદીર પાસે ચોકલી ચોકમાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત નવરાત્રી મહોત્સવ યોજાયો. આસો સુદ આઠમની મધ્યરાત્રીએ ૧:૦૦ વાગ્યાના સુમારે માતાજીનો દેખાવ યોજાયો હતો.



શ્રી નવદુર્ગા મંડળ પ્રમુખ જયેશભાઈ પંચાલ, પરેશભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ જોષી સહિત કાર્યકરોના જણાવ્યા મુજબ આ અદ્ભુત દેખાવની એક ઝાંખીની વિશિષ્ટતા એ છે કે શાસ્ત્રોમાં વર્ણાવ્યા મુજબ બાળકુંવારી બાળાઓને વિધ્વાનો ધ્વારા વિધિવિધાન પુર્વક પૂજન, અર્ચન કરી માતાજી સ્વરૂપે બેસાડી સમૂહ આરતીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. સમૂહ આરતીનો લાભ લેવો એ પણ એક અદભૂત લહાવો છે. માતાજીનો દેખાવ ગુજરાતમાં લગભગ ક્યાય ન થતો હોવાની લોકવાયકા છે. બાળ કુંવારી બાળાઓમાં શક્તિ પ્રવેશ થવાથી કુંવારી બાળાઓ તેજોમય બને છે. માં અંબા ભવાની, માં મહાકાળી, ભૈરવજી સ્વરૂપની અનુભુતી ભાવિક ભક્તો કરતા હોય છે. આ વર્ષોની પરંપરા મુજબ વડવાઓ ધ્વારા પરાપુર્વથી ચાલતી આવે છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં પેઢી દર પેઢી ક્રમ અનુસાર માતાજીનો દેખાવ આઠમની મધ્યરાત્રીએ યોજાય છે. માતાજીના દેખાવની પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

# છીટાદરા હાઈસ્કૂલના શિક્ષકનો વિદાય સન્માન સમારોહ યોજાયો

ઈસરી, તા. ૨૩

મેઘરજ તાલુકાની છીટાદરા ઉ.મા. વિદ્યાલયના શિક્ષક ગોરધનભાઈ કે. પટેલની વય નિવૃત્તિના લીધે સન્માન સમારોહ મંડળના સહમંત્રી અને તાલુકા કિસાન સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. અતિથિવિશેષ તરીકે ઈસરી હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય એન.કે. પટેલ, કમલેશભાઈ પંચાલ, કંટાળુ હાઈસ્કૂલના આચાર્ય કચરાભાઈ પટેલ, પૂર્વ આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, મંડળના મંત્રી સાંજાભાઈ ડામોર, ગ્રામજનો - ગોરધનભાઈનો પરિવાર અને સ્નેહીજનોની હાજરીમાં સન્માન સમારોહ પ્રસંગે દીપ પ્રાગટ્ય-સ્વાગતગીત બાદ ઈ.ચા. આચાર્ય નરેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સો મહેમાનોનું ફૂલહાર-શાલ-ફૂલછડીથી સ્વાગત કર્યું.

નિવૃત્તિ લેનારનું સન્માનપત્ર શિક્ષિકા ઈસીતાબેન મલાસાએ વાંચન કરી અધ્યક્ષશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું. શાળા પરિવાર - વિદ્યાર્થીઓ સંબંધીઓ દ્વારા ભેટ આપવામાં આવી. શાળાના પૂર્વ આચાર્ય મહેન્દ્રભાઈ વીરજીભાઈ એન. કે. પટેલ, કમલેશભાઈ પંચાલ, કોદરભાઈ પટેલે નિવૃત્ત થનાર ઓલ રાઉન્ડર ગોરધનભાઈની માત્ર અઢી વરસની સેવાનો સૌએ મન ભરીને વખાણ કર્યા હતા. જેના પ્રત્યુત્તરમાં ગોરધનભાઈએ શાળાની જરૂરિયાત માટે ઝેરોક્ષ મશીન ભેટ આપવાની જાહેરાત કરી હતી. મંત્રી સોજાભાઈ - આચાર્ય નરેશભાઈએ આ ખોટ પુરાવાની નથી તેવું જણાવ્યું હતું. રાસ-ગરબા-એક પાત્રિય અભિનય રજૂ કરેલ હતા. આ પ્રસંગે નિવૃત્ત રેન્જર રામાભાઈ પટેલે આવા શિક્ષકો નહિ મળે તેવું જણાવેલ. સંચાલન એમ.પી. પટેલે કર્યું હતુ. આભારવિધિ પ્રકાશભાઈ પટેલે કરી રાષ્ટ્રગીત બાદ સમાપન કરેલ.



પાલનપુરમાં આવેલ જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરના ગુજરાતી મીડિયમના બાલમંદિરના ભુલકાઓ દ્વારા શશીવન ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક સ્ટાફ સાથે ભુલકાઓના માતા પિતાઓએ મા જગદંબાની સમુહ આરતી ઉતારી માની આરાધના કરી હતી. ભણવામાં પહેલુ કદમ માંડતા ભુલકાઓ દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબાઓની સ્ટેપથી ગરબા રમી ઉપસ્થિત લોકના દિલ જીતી લીધા હતા.

# ચોટાસણ પાસે બાઈક અને ટાટા સુમો વચ્ચે અકસ્માત થતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૩

ઈડર તાલુકાના ચોટાસણ ગામે બાઈક અને ટાટા સુમો વચ્ચે અકસ્માત થતાં બાઈક ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે બડોલી આઉટ પોસ્ટના જમાદારે ટાટા સુમોના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે ચોટાસણ ગામના ભીખાભાઈ વિરાભાઈ પટેલ બાઈક નં. જીજે૯એજે.૫૯૩૧ લઈને કોઠાણ ગામેથી પરત ચોટાસણ આવી રહ્યા હતા. ત્યારે કડિયાદરાથી વિજયનગર જતી ટાટા સુમો નં. જીજે.૯.એજી.૩૭૧ ઉના ચાલકે પુરઝડપથી અને ગફલતભરી રીતે હંકારી ભીખાભાઈની બાઈકને ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જે અંગે બડોલી આઉટ પોસ્ટ જમાદાર લક્ષ્મણભાઈએ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## હિંમતનગરમાં મોંઘવારી અને ભ્રષ્ટાચારના વિરોધમાં કોંગ્રેસના ધરણા

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશની પ્રજા મોંઘવારી અને ભ્રષ્ટાચારમાં પીસાઈ રહી છે. દાળો અને ડુંગળીના ભાવો આસમાને આબી રહ્યા છે. તેની સાથે ભ્રષ્ટાચાર માઝા મુકી રહ્યો છે. ત્યારે મોંઘવારી અને ભ્રષ્ટાચારના વિરોધમાં કોંગ્રેસ દ્વારા જુદા જુદા કાર્યક્રમો આપવામાં આવ્યા છે. તેના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર કોંગ્રેસ દ્વારા ધરણા, રેલી અને આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વિપુલભાઈ પટેલ, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, પ્રાંતિજના ધારાસભ્ય, મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ સોલંકી, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા ઈશાક શેખ, જિલ્લા પંચાયત સદસ્ય કાન્તિભાઈ પરમાર, મહિલા મોરચાના પ્રમુખ વિમળાબેન પંચાલ મિડીયા કન્વીનર યુસુફ બચ્ચા તથા કુમાર ભાટ સહિત કાર્યકરો ધરણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભાજપ સરકારની ગરીબ વિરોધી નીતિરીતિ તેમજ મોંઘવારી અને ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ દર્શાવી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી જઈ કલેક્ટર પી. સ્વરૂપને આવેદન પત્ર સુપ્રત કર્યું હતું.